સરકારી ઈજનેરી કોલેજો ખાતે સહાયક પ્રાધ્યાપક અને સરકારી પોલિટેકનિકો ખાતે વ્યાખ્યાતાઓની જગ્યાઓ પર કરાર આધારિત નિમણુંક માટે નો **સંભવિત** કાર્યક્રમ-જાન્યુઆરી-૨૦૧૪

| ક્રમ | વિગત | સંભવિત તારીખ/ સમય ગાળો |
|---|---|---|
| ૧ | NIC_Ojas મારફતે ઓન લાઈન અરજી મંગાવવાનો સમય ગાળો | ૨૧/૦૧/૨૦૧૪ થી ૨૫/૦૧/૨૦૧૪ |
| ૨ | પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ/ કટ ઓફ માર્કસ પ્રસિધ્ધ કરવાની તારીખ | ૨૭/૦૧/૨૦૧૪ |
| ૩ | પસંદગી પ્રક્રિયા માટે રૂબરૂ મુલાકાતની તારીખ | ૨૯/૦૧/૨૦૧૪ થી ૩૧/૦૧/૨૦૧૪ |

**નોંધ: આ કરાર આધારિત નિમણુંક માટેના આખરી કાર્યક્રમની / વિધ્યાશાખાવાર કટ-ઓફ-માર્કસની /કામચલાઉ મેરીટ લીસ્ટની વિગતો અત્રેની કચેરીની વેબસાઈટ http://dte.gswan.gov.in પર ચકાસતા રહેવું. જેના આધારે ઉમેદવારોએ પોતાની વિધ્યાશાખા મુજબ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.આ બાબતે કોઈ અલગથી પત્ર-વ્યવહાર કરવામાં આવનાર નથી. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.**

---

**ઉમેદવારો માટે જરૂરી સૂચનાઓ**

(૧) ઉમેદવાર સરકારી ડીગ્રી/ડીપ્લોમા ઇજનેરી સંસ્થાઓ ખાતે સહાયક પ્રા./વ્યાખ્યાતાની જગ્યા માટે અરજી કરવા માટે ભરતી નિયમો મુજબ સંબંધિત વિધ્યાશાખામાં અનુસ્નાતક/સ્નાતકની પ્રથમ વર્ગની પદવી ધરાવતો હોવો જોઇએ.આ માટેની વધુ વિગતો જાહેરાતમાં દર્શાવેલ છે.

**શિક્ષણ વિભાગના તા. ૨૮/૧૦/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક:એસસીટી/૧૦/૨૦૧૩/ ૬૧૬૩૫૬/ઘ થી વિવિધ સ્નાતક અને અનુસ્નાતક ઈજનેરી અભ્યાસક્રમોની સમકક્ષતા નક્કી કરવામાં આવેલ છે. જે ઠરાવ અત્રેની કચેરીની વેબસાઈટ http://dte.gswan.gov.in પર ઉપલબ્ધ છે. જેની વિગતો ચકાસી લેવા તમામ ઉમેદવારોને જણાવવામાં આવે છે.**

આ ઉપરાંત શિક્ષણ વિભાગના તા.૨/૬/૨૦૧૧ ના ઠરાવ મુજબ નીચેની વિધ્યાશાખાઓમાં કોરસ્પોન્ડીંગ(સંલગ્ન) બ્રાંચમાં મેળવેલ પદવી ધરાવનાર પણ અરજી કરી શકશે.પરંતુ આ કોરસ્પોન્ડીંગ(સંલગ્ન) બ્રાંચમાં ઉમેદવારની અરજી મૂળ વિધ્યાશાખાના ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો જ ધ્યાને લેવાશે. **(તા.૨/૬/૨૦૧૧ ના ઠરાવની વિગતો અત્રેની કચેરીની વેબસાઈટ http://dte.gswan.gov.in પર ઉપલબ્ધ છે. જેની વિગતો ચકાસી લેવા તમામ ઉમેદવારોને જણાવવામાં આવે છે.)**

| ક્રમ | ભરતી માટેની વિધાશાખા | સંલગ્ન વિધાશાખા |
|---|---|---|
| ૧. | એપ્લાઇડ મીકેનીકસ | સીવીલ એન્જીનીયરીંગ |
| ૨. | ફેબ્રીકેશન ટેકનોલોજી | પ્રોડકશન એન્જી./મેન્યુફેકચરીંગ એન્જી. |
| ૩. | કોમ્પ્યુટર એન્જી. | ઇન્ફોર્મેશન ટેકનોલોજી |
| ૪. | ઇન્ફોર્મેશન ટેકનોલોજી | કોમ્પ્યુટર એન્જી./ ટેકનોલોજી |
| ૫. | ટ્રાન્સપોર્ટેશન એન્જી. | સીવીલ ઇજનેરી કે જેમાં ટ્રાન્સપોર્ટેશન એન્જી.નો મુખ્ય વિષય(સ્પેશ્યલાઇઝેશન) |

(૨) આ જગ્યાઓ ઉપર અરજી કરવા માટે ઉમેદવાર ૩૫ વર્ષથી વધુ ઉંમરનો ન હોવો જોઇએ. એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી.. ના ઉમેદવારો તેમજ સરકારી/અર્ધસરકારી નોકરીમાં ચાલુ ઉમેદવારો માટે વય મર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ રહેશે

(3) શૈક્ષણિક લાયકાત તથા વય મર્યાદામાં માટે કટ ઓફ તારીખ: ૩૧/૧૨/૨૦૧૩ રહેશે.

(૪) કરાર આધારિત વિધ્યાશાખાવાર ભરવાની થતી જગ્યાઓની સંખ્યાના આશરે ૩ ગણા ઉમેદવારોને બોલાવવામાં આવશે આ માટે વિધ્યાશાખાવાર અને અનામત કક્ષાવાર cut off માર્ક નક્કી કરવામાં આવશે. જેની વિગતો અત્રેની કચેરીની વેબસાઇટ (http://dte.gswan.gov.in) પર તા. ૨૭/૦૧/૨૦૧૪ ના રોજ મૂકવામાં આવશે. જેની વિગતો ચકાસીને કટ ઓફ માર્કસ સુધીના ઉમેદવારોને નિમણૂંક માટે રૂબરૂ ઉપસ્થિત રહેવાનુ રહેશે. જેની જાણ SMS તથા જાહેરાતના માધ્યમથી કરવામાં આવશે. આ બાબતે કોઇ અલગથી પત્રવ્યવહારથી જાણ કરવામાં આવશે નહી.

(૫) મેરીટના ધોરણે પસંદગી પ્રક્રિયા/દસ્તાવેજોની ચકાસણી માટે રૂબરૂ મુલાકાતનો સંભવિત કાર્યક્રમ તા. ૨૯/૦૧/૨૦૧૪ થી તા. ૩૧/૦૧/૨૦૧૪ દરમ્યાન યોજવામાં આવશે.જેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની આખરી વિગતો CTE ની વેબસાઇટ (http://dte.gswan.gov.in) પર જોઈ લેવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.

(૬) ઓન લાઇન ફોર્મ ભરતી વખતે ઉમેદવારને જે ડીગ્રી એનાયત કરવામાં આવેલ હોય અને જેના ઉપરથી ગ્રેડ(ફસ્ટ કલાસ/ડીસ્ટીંગકશન વિગેરે) નક્કી કરવામાં આવતો હોય તેના આધારે માર્કસની ચોકસાઇ પૂર્વકની એન્ટ્રી કરવાની રહેશે. જે યુનિવર્સિટીના કિસ્સામાં માર્કસને બદલે CPI/SPI આપવામાં આવેલ હોય તેવા કિસ્સામાં ઉમેદવારોએ પોતાની યુનિવર્સિટીના ધોરણો અનુસાર CPI/SPI ને ગ્રેડ/માર્કસમાં રૂપાંતરિત(convert) કરી દર્શાવવાના રહેશે.જો કોઇ ઉમેદવાર ખોટી માહિતી આપશે તો તેની અરજી રદ થવાપાત્ર રહેશે. જે યુનિવર્સિટી દ્વારા CPI/SPI કનવર્ટની સ્પષ્ટતા કરવામાં આવેલ ના હોય તેવા કિસ્સાઓમાં AICTE ના ધોરણો મુજબ ટકાવારીની ગણતરી કરવામાં આવશે. પસંદગી પ્રક્રિયા સમયે રૂબરૂ મુલાકાત દરમ્યાન ઉમેદવારે આ બાબતે યોગ્ય આધાર રજૂ કરવાનો રહેશે.

(૭) ઓન લાઈન ફોર્મ ભર્યા બાદ રજીસ્ટ્રેશન કન્ફર્મ કરી બાર કોડેડ કન્ફરમેશન નંબર વાળા રજીસ્ટ્રેશન ફોર્મની પ્રિન્ટ કાઢી પસંદગી પ્રક્રિયાના રુબરુ મુલાકાતના સમયે સાથે લાવવાની રહેશે.

(૮) ડીગ્રી ઇજનેરી સંસ્થાઓ ખાતે ઈજનેરી વિધ્યાશાખાઓની સહાયક પ્રાધ્યાપકની જગ્યા માટે મેરીટ લીસ્ટ અનુસ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના ૬૦ ટકા અને સ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના ૪૦ ટકા લેખે ગણીને તૈયાર કરવામાં આવશે.

(૯) ડીપ્લોમાં ઇજનેરી સંસ્થાઓ ખાતે ઈજનેરી વિધ્યાશાખાઓની વ્યાખ્યાતાઓની જગ્યા માટે મેરીટ લીસ્ટ સ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

(૧૦) ગણિત, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને અંગ્રેજી જેવા સાયન્સ/હ્યુમિનિટીઝના વિષયો માટે સહાયક પ્રાધ્યાપકની/ વ્યાખ્યાતાઓની જગ્યા માટે મેરીટ લીસ્ટ અનુસ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના ૬૦ ટકા અને સ્નાતક કક્ષાએ મેળવેલ પદવી માટે માન્ય ગુણના ૪૦ ટકા લેખે ગણીને તૈયાર કરવામાં આવશે.

સરકારી ઇજનેરી કોલેજોમાં સહાયક પ્રાધ્યાપકો અને સરકારી પોલીટેકનીક કોલેજોમાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ ૧૧ માસ માટે અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત નિમણૂંક દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બે માંથી જે ઓછું હોય તેટલા સમય માટે કરાર આધારિત ફીક્સ પગારથી જગ્યાઓ ભરવા માટે શિક્ષણ વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. ગુજરાત જાહેર સેવા આયોગને મોકલેલ માંગણાપત્રકોની મર્યાદામાં આ પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

આથી સરકારી ઇજનેરી કોલેજો ખાતેની સહાયક પ્રાધ્યાપકોની અને સરકારી પોલીટેકનીકો ખાતેની વ્યાખ્યાતાઓની નીચેના ટેબલમાં દર્શાવેલ સંખ્યાની મર્યાદામાં જગ્યાઓ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદાની જોગવાઇ પરિપૂર્ણ કરતા ઉમેદવારો દ્વારા ભરવામાં આવશે

| **ક્રમ** | **વિધ્યાશાખા** | **ડીગ્રી ઇજનેરી કોલેજો ખાતે સહાયક પ્રાધ્યાપકની જગ્યાઓની સંખ્યા** | **પોલીટેકનીકો ખાતે વ્યાખ્યાતાની જગ્યાઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | મિકેનીકલ ઇજનેરી | ૨૮ | ૭૪ |
| ૨ | સીવીલ ઇજનેરી | ૫૨ | ૭૫ |
| ૩ | ઇલેક્ટ્રીકલ ઇજનેરી | ૨૨ | ૭૬ |
| ૪ | ઇલેક્ટ્રોનીક્સ એન્ડ કોમ્યુનીકેશન ઇજનેરી | ૦૯ | ૧૭ |
| ૫ | એપ્લાઇડ મિકેનીક્સ | ૨૨ | ૩૦ |
| ૬ | ગણિતશાસ્ત્ર | ૧૮ | ૦૧ |
| ૭ | કોમ્પ્યુટર ઇજનેરી | ૦૪ | ૨૮ |
| ૮ | ઇન્ફર્મેશન ટેકનોલોજી | ૦૩ | ૧૨ |
| ૯ | કેમિકલ ઇજનેરી | ૦૨ | ----- |
| ૧૦ | ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કન્ટ્રોલ ઇજનેરી | ----- | ૦૯ |
| ૧૧ | માઇનીંગ ઇજનેરી | ૦૮ | ૦૩ |
| ૧૨ | પ્રોડક્શન ઇજનેરી | ૧૧ | ----- |
| ૧૩ | ભૌતિકશાસ્ત્ર | ૦૪ | ૦૨ |
| ૧૪ | બાયો મેડીકલ ઇજનેરી | ----- | ૦૫ |
| ૧૫ | એન્વાયરમેન્ટલ ઇજનેરી | ૦૪ | ૦૪ |
| ૧૬ | ઑટોમોબાઇલ ઇજનેરી | ----- | ૧૨ |
| ૧૭ | મેટલર્જી | ૦૨ | ૦૭ |
| ૧૮ | પાવર ઇલેક્ટ્રોનીક્સ | ૦૨ | ----- |
| ૧૯ | ટ્રાન્સપોર્ટેશન ઇજનેરી | ----- | ૦૭ |
| ૨૦ | આર્કીટેક્ચરલ આસીસ્ટન્ટશીપ | ----- | ૧૧ |
| ૨૧ | સીરામીક ટેકનોલોજી | ----- | ૦૧ |
| ૨૨ | અંગ્રેજી | ૦૩ | ----- |

| ક્રમ | વિધ્યાશાખા | ડીગ્રી ઇજનેરી કોલેજો ખાતે સહાયક પ્રાધ્યાપકની જગ્યાઓની સંખ્યા | પોલીટેકનીકો ખાતે વ્યાખ્યાતાની જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૨૩ | રસાયણશાસ્ત્ર | ----- | ૦૧ |
| ૨૪ | પ્લાસ્ટીક ઈજનેરી | ----- | ૦૧ |
| ૨૫ | ટેક્ષટાઈલ મેન્યુ. ટેકનોલોજી | ----- | ૦૧ |
| ૨૬ | ટેક્ષટાઈલ પ્રોસેસીંગ (કેમેસ્ટ્રી) | ----- | ૦૧ |
| ૨૭ | પ્રિન્ટીંગ ટેકનોલોજી | ----- | ૦૧ |
| | **કુલ** | **૧૯૪** | **૩૭૯** |

કરારના ધોરણે આપવામાં આવનાર માસિક ફીક્સ વેતનથી નિમણૂંક અંગેની બોલીઓ અને શરતો નીચે મુજબ છે , પસંદ થયેલ ઉમેદવાર તે સાથે સંમત થયેથી નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

**<u>૧૧ માસ માટે કરાર ના ધોરણે અપાતી/ માનદ વેતનથી નિમણુકો અંગેની બોલીઓ અને શરતો</u>**

૧. નિમણુક મેળવનાર ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન રૂ. ૩૦,૦૦૦/- સહાયક પ્રાધ્યાપકની જગ્યા માટે અથવા રૂ.૨૫,૦૦૦/- વ્યાખ્યાતાની જગ્યા માટે માસીક ફિક્સ પગાર/ માનદ વેતન મળશે. તેઓની નિંમણુક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત નિમણૂંક દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ થાય તે બે માંથી જે ઓછું હોય તેટલા સમય માટે રહેશે.

૨. ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફિક્સ પગારની રકમ/ માનદ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

૩. નિયત ફિક્સ પગાર / માનદ વેતન પર કોઈ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહિ.

૪. કરારના સમયગાળા દરમ્યાન નિમણુક મેળવનાર ઉમેદવારને ફિક્સ પગાર તેમજ માનદવેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહિ. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગારપંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહિ.

૫. કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહિ.

૬. કરારના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા/ નોકરી પેન્શન, બોનસ, એલટીસી, એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહિ.

૭. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફિક્સ પગાર, માનદવેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબિજનોને મળવાપાત્ર થશે. પરંતુ, બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહિ.

૮. નિમણુક મેળવનાર ઉમેદવારને સમાનસંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટિસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકાશે નહિ. જાહેરજાના

દિવસોએ પણ સરકારી કામગીરીની જરુરિયાત ને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહિ.

૯. નિમણુક મેળવનાર ઉમેદવારને કરારના સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે, અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહિ. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામા આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૦. નિમણુક મેળવનાર ઉમેદવારે કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહિ.

૧૧. ફરજના ભાગરુપે મુખ્ય મથકથી ૮ કિ.મી. બહાર જવાનું થાય તો ૬-કલાકથી વધુ અને ૧૨-કલાક સુધીના રોકાણ માટે રૂ.૧૫/- અને ૧૨-કલાકથી વધુ સમય માટે રૂ.૩૦/- દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે. તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી.બસ/ રેલ્વેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

૧૨. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈ પણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે નોકરી સમાપ્ત કરવામા આવશે.

૧૩. સરકારશ્રી તરફથી વહિવટી હિતમાં બીજી કોઈ જરુરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૪. વ્યવસાયવેરાની કપાત નિયમાનુસાર ફિક્સ પગાર/ માનદવેતનમાંથી કરી લેવાની રહેશે.

૧૫. નિમણુકના સમય દરમ્યાન ઉમેદવારે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્યસરકારની કોઈ જવાબદારી રહેશે નહિ.

૧૬. કરાર આધારિત ઉચ્ચક વેતનથી/ માનદવેતનથી નિમણુક પામેલ ઉમેદવાર સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હક્ક પ્રાપ્ત થશે નહિ.

૧૭. ઉપરોક્ત શરતો નિમણુક પામનાર ઉમેદવારને સ્વિકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

૧૮. આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

૧૯. કરાર આધારિત ફરજ ઉપર જોડાતા પહેલા શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૨૦. કરારથી ફિક્સ પગારથી/ માનદવેતનથી જોડાનાર ઉમેદવારે કરાર કરવાનું સ્વિકારતા પહેલા તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એક્સીડન્ટ યોજના અંતર્ગત વિમો મેળવી લેવાનો, અદ્યતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજુ કરવાનો રહેશે. આ અંગે વિમાના પ્રિમિયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહિ.

**<u>સરકારી ઇજનેરી કોલેજો માં સહાયક પ્રાધ્યાપક અને પોલીટેકનીકોમાં વ્યાખ્યાતાની કરારના ધોરણે નિમણૂંક માટેની પસંદગી અંગેની જાહેરાત</u>**

## કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક નં.૨, બીજો માળે, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

ગુજરાત રાજ્યના ટેકનીકલ શિક્ષણ ખાતાના નિયંત્રણ હેઠળની સરકારી ઇજનેરી કોલેજો ખાતે સહાયક પ્રાધાપક તરીકે રૂ.૩૦,૦૦૦/- તથા સરકારી પોલીટેકનીકો ખાતે વ્યાખ્યાતા તરીકે રૂ. ૨૫,૦૦૦/-ના માસિક ફીક્સ પગારથી જુદી જુદી વિધ્યાશાખાની ખાલી જગ્યાઓ માટે **<u>કરારના ધોરણે ૧૧ માસ અથવા આ જગ્યાઓ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નિયમિત નિમણૂંકથી ભરાય તે બે માંથી જે વહેલું હોય તેટલા સમય માટે</u>** ભરતી કરવા અન્વયે પસંદગી પ્રક્રિયા હાથ ધરવા જાહેરાત આપવામાં આવે છે. આ જગ્યા માટેની જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોને **http://ojas2.guj.nic.in** પર તેમાં દર્શાવેલ વિગતો અન્વયે ઑન લાઇન અરજી કરવા જણાવવામાં આવે છે. સદરહુ પસંદગી પ્રક્રિયા અંગેની વિસ્તૃત માહિતી ઉપરોક્ત જણાવેલ વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**<u>ઑન લાઇન ફોર્મ ભરવાનો સમયગાળો</u>** :તા.૨૧/૦૧/૨૦૧૪ (૧૨:૦૦ કલાક) થી તા.૨૫/૦૧/૨૦૧૪(૨૩:૫૯ કલાક) સુધી

**<u>વય મર્યાદા</u>** : ૩૫ વર્ષ (SC, ST તથા SEBC કેટેગરીના ઉમેદવારો તેમજ સરકારી / અર્ધ-સરકારી નોકરીમાં ચાલુ ઉમેદવારો માટે પાંચ વર્ષની છૂટછાટ)

**<u>શૈક્ષણિક લાયકાત તથા વય મર્યાદા માટેની Cut-off તારીખ</u>** : ૩૧/૧૨/૨૦૧૩

**<u>પસંદગી પ્રક્રીયા</u>** : માન્ય યુનિવર્સિટીની શૈક્ષણિક લાયકાત અંગેની પદવીના ઠરાવેલ મેરીટના ધોરણે

**<u>લઘુત્તમ શૈક્ષણિક લાયકાત</u> :**

- <u>વ્યાખ્યાતા (પોલીટેકનીક)</u> : (૧) ઇજનેરી /ટેકનોલોજી વિધ્યાશાખાઓ માટે : સંબંધિત વિધ્યાશાખામાં ઇજનેરી સ્નાતક અથવા અનુસ્નાતક પૈકી કોઇ એકમાં પ્રથમ વર્ગની પદવી જરૂરી (૨) હ્યુમીનીટી / સાયન્સ વિષયો માટે : સંબંધિત વિષયમાં અનુસ્નાતકની પદવી તે પૈકી સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ કોઇ એકમાં પ્રથમ વર્ગ જરૂરી
- <u>સહાયક પ્રાધ્યાપક (ઇજનેરી કોલેજ)</u> : (૧) ઇજનેરી /ટેકનોલોજી વિધ્યાશાખાઓ માટે : સંબંધિત વિધ્યાશાખામાં ઇજનેરી સ્નાતક અને અનુસ્નાતકની પદવી (પ્રથમ વર્ગની પદવી ઇજનેરી સ્નાતક <u>અથવા</u> ઇજનેરી અનુસ્નાતક કક્ષાએ જરૂરી) (૨) હ્યુમીનીટી / સાયન્સ વિષયો માટે : સંબંધિત વિષયમાં પીએચ.ડી.ની પદવી જરૂરી
- સંબંધિત વિધ્યાશાખા તેમજ સમકક્ષ અને સંલગ્ન વિધ્યાશાખાની વિગતો ઉપરોક્ત વેબસાઇટ પર દર્શાવેલ છે.

<u>ખાસ નોંધ</u> :

**(૧)** ઉમેદવાર માટે જરૂરી સુચનાઓ ઉપરોક્ત NIC ની વેબસાઈટ અને CTE ની વેબસાઈટ (http://dte.gswan.gov.in) પર મુકવામાં આવેલ છે. ઑન લાઇન અરજી કરનાર ઉમેદવારે મેળવેલ શૈક્ષણિક લાયકાતની માન્ય યુનિવર્સિટી દ્વારા અપાયેલ પદવીના વર્ગ માટે પાત્ર ટકાવારી દર્શાવવની રહેશે. માન્ય યુનિવર્સિટી દ્વારા અપાયેલ પદવીને પાત્ર CPI / SPI / Percentage / Grade ને સંલગ્ન યુનિવર્સિટીના ધોરણો મુજબ ગણતરી કરી પદવી માટે માન્ય આખરી ટકાવારી દર્શાવવાની રહેશે.

**(૨)** એક કરતા વધુ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારે અલગ અલગ અરજી કરવાની રહેશે.

**(૩)** પસંદગી પ્રક્રિયાનો કાર્યક્રમ NIC / CTEની વેબસાઇટ પર મુકેલ છે. પસંદગી માટે કટ-ઓફ માર્કસથી ઉપરના ઉમેદવારોને SMS/વેબસાઈટના માધ્યમથી સુચિત કરવામાં આવશે. વિધ્યાશાખાદીઠ કામચલાઉ મેરીટ યાદી અને વિધ્યાશાખાદીઠ કટ-ઓફ માર્કસની વિગતો ઉક્ત વેબસાઈટ ઉપર તા. ૨૭/૦૧/૨૦૧૪ ના રોજ મુકવામાં આવશે. જે ધ્યાને લઈ ઉમેદવારે મુલાકાતના સમયે જરૂરી અસલ દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ઉમેદવારોએ ઉક્ત બાબતની અરજી દરમ્યાન તેમજ બાદમાં કાળજી રાખવાની રહેશે.

**(૪)** ચકાસણી દરમ્યાન ઉમેદવારે ઑન લાઇન ભરેલ માહિતીમાં ક્ષતિ (incorrect) જણાશે તો ઉમેદવારની અરજી ચકાસણી બાદ રદ ગણવામાં આવશે.

**(૫)** કરાર આધારિત વિધ્યાશાખાવાર ભરવાની થતી જ્ગ્યાઓની સંખ્યાના આશરે ૩ ગણા ઉમેદવારોને બોલાવવામાં આવશે.ઉમેદવારની નિમણૂંક બાબતે આખરી નિર્ણય આ કચેરીને અબાધિત રહેશે

(૬) અગાઉ માર્ચ-૨૦૧૩ માં કરારના ધોરણે નિમણુંક પામેલ સહાયક પ્રાધ્યાપકો/વ્યાખ્યાતાઓને ૧૧ માસની મુદત પુરી થતાં સેવામાંથી ફરજ મુક્ત કરવામાં આવશે.આથી આવા સહાયક પ્રાધ્યાપકો/વ્યાખ્યાતાઓએ પણ નવેસરથી અરજી કરીને પસંદગી પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. મેરીટ અનુસાર તેમની પસંદગી થયેથી નિમણુંક બાબતે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે

**કમિશનર, ટેકનીકલ શિક્ષણ**

**CONTRACTUAL RECRUITMENT (ASSISTANT PROFESSOR AND LECTURERS)**
**IN GOVERNMENT ENGINEERING COLLEGES AND POLYTECHNICS**

COMMISSIONERATE OF TECHNICAL EDUCATION,
BLOCK NO.-2, 2ND FLOOR, DR. JIVRAJ MEHTA BHAVAN, GANDHINAGAR

This advertisement is published for contractual recruitment of Assistant professors in Government Engineering Colleges with fixed monthly remuneration of Rs 30,000 and Lecturers in Government Polytechnics with fixed monthly remuneration of Rs. 25000/- against vacant post in various disciplines for **11 months or post getting filled through GPSC recruitment (whichever is earlier)**. The eligible candidate possessing required qualifications can apply on- line with complete details on **http://ojas2.guj.nic.in.**

**Duration of submission on-line form**: 21/01/2014(12:00 hrs) to 25/01/2014 (23:59 hrs)

**Age limit**: 35 Years (5 Years Relaxation for SC, ST, SEBC and In-serving Government/Semi Government Candidates)

**Education Qualification and Cut-off Date for Age limit**: 31/12/2013

**Selection Process**: On merit of educational qualification of degree obtained from recognized universities.

Minimum Education Qualification:

- Lecturer (Polytechnic): (1) For Engineering/Technology Disciplines: Engineering graduates **or** post gradates in relevant discipline with first class at Bachelor or Master Degree level. (2) For Humanities/Science subject: Post graduate in relevant subject with first class at graduate or post graduate level
- Assistant Professor (Engineering college): (1) For Engineering/Technology Disciplines: Graduate **and** Post gradates in relevant discipline with first class at graduate or post graduate level. (2) For Humanities/Science subject: PhD in relevant subject
- Relevant disciplines, Equivalent and corresponding disciplines are available on above web sites.

Important Note:

(1) Necessary Instructions are available on above NIC websites and CTE website (http://dte.gswan.gov.in). Candidates have to fill percentage marks for qualification given by the recognized university. CPI/SPI/Percentage/Grade, etc has to be converted according to the university norms from which degree is obtained.
(2) Candidate applying for more than one post has to apply separately for each post.
(3) Time Table for interview/document verification process is available on the NIC and CTE websites. Candidates having marks above cut-off marks may be informed by SMS/websites. The details of discipline wise provisional merit list and discipline wise cut-off marks will be made available on 27/01/2014 on above websites. Candidates have to remain present accordingly in person with all necessary documents in original. Hence candidates are requested to provide the information carefully.
(4) Application will be scrutinized and treated cancelled if online details filled by the candidate is found incorrect.
(5) Depending upon the no of posts to be filled, approximately 3 times candidates are called for interview. This office reserves all rights regarding contractual appointment.
(6) Assistant Professor / Lecturer appointed on contract basis in March-2013 shall be relieved from service on completion of 11 months. These Assistant Professor / Lecturer appointed on contract basis shall have to apply fresh and have to take part in this selection process. If they will be selected as per merit, then appointments will be given as per rules.

**Commissioner (Technical Education)**